# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૫૪ તા. ૪-૯-૨૦૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષયઃ- ૫ સપ્ટેમ્બર-૨૦૧૯ 'શિક્ષક દિન'ની ઉજવણી કરવા બાબત.**

**સંદર્ભઃ- ક્રમાંક પ્રાશિનિ/જ/રા.એવોર્ડ/૨૦૧૯/૮૭૬૪-૮૯૦૯, તા.૨૮/૮/૧૯ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્ર.**

આથી તમામ મ્યુનિ.શાળાઓનાં મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય પરત્ત્વે જણાવવાનું કે દર વર્ષની જેમ ૫મી સપ્ટેમ્બર 'શિક્ષક દિન' તરીકે ઉજવાય છે. તે રીતે ચાલુ વર્ષે પણ ૫મી સપ્ટેમ્બર-૨૦૧૯ના દિવસને 'શિક્ષક દિન' તરીકે ઉજવવાનું નકકી કરવામાં આવેલ છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી,અમદાવાદ, અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી (ગ્રામ્ય/શહેર)ના સંયુક્ત ઉપક્રમે તા.૦૫-૦૯-૧૯ના રોજ સવારે ૮.૦૦ કલાકે પંડિત દીન દયાલ ઉપાધ્યાય ઓડિટોરીયમ, રાજપથ કલબ પાછળ, એસ.જી.હાઇવે ખાતે માન. ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા તેમજ મહાનુભાવોની ઉપસ્થિતીમાં રાખવામાં આવેલ છે. **જેમાં સ્કૂલ બોર્ડના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓએ સમયસર ઉપસ્થિત રહેવું.**

તમારી શાળામાં શિક્ષક દિનનું મહત્ત્વ સમજાવી સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવું શાળાના શિક્ષકોનું વિદ્યાર્થીઓ દ્વારા પૂજન થાય તે રીતે ગુરૂ-શિષ્યભાવ તેમજ મારા પ્રિય શિક્ષક વિશે વકતૃત્વ સભાનું આયોજન પણ કરવું, શ્રેષ્ઠ શિક્ષકોના સારા કાર્યની વિદ્યાર્થીઓમાં ચર્ચા આયોજન ગોઠવવું.

**શિક્ષક દિનની ઉજવણી માટે નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરી શકાય :-**

૧. જાહેરાત : વર્ણનાત્મક પોસ્ટરો સિનેમા સ્લાઇડો અને વર્તમાન પત્રોમાં જાહેરાત કરવાની ગોઠવણી કરવી.

૨. સભાઓ : શિક્ષણ સંસ્થાની સમિતિની વિવિધ સંસ્થાઓ સાથે મળીને શિક્ષકોના લાભાર્થે સભાઓ, મેળાવડાઓ યોજવા, શિક્ષક આવતી પેઢીનું ઘડતર કરવાના ચાવીરૂપ અગત્યનું સ્થાન ધરાવે છે. તે હેતુસર વક્તૃત્વ સ્પર્ધા, લેખિત નિબંધ હરિફાઇ યોજવી. આ અંગેના લેખ અગત્યના સામયિકોના સપ્ટેમ્બર ૨૦૧૯ના અંકમાં પ્રસિધ્ધ કરવા.

૩. શિક્ષકોના ચિત્રો બતાવવા : સિનેમાગૃહો, શૈક્ષણિક સામાજીક સંસ્થાઓ મારફતે શિક્ષકોની મહત્વની કામગીરી વાળા ચલચિત્રો પ્રદર્શિત કરવા. આવા ચિત્રો સેન્ટ્રલ લાયબ્રેરી, ન્યુ દિલ્હી અથવા રાજ્ય ફિલ્મ લાયબ્રેરીમાંથી ઉપલબ્ધ થઇ શકશે. તે માટે માહિતી ખાતા દ્વારા કાર્યવાહી કરવી.

૪. સાંસ્કૃતિક અને વિવિધ કાર્યક્રમો :- સાંસ્કૃતિક સંસ્થાઓ માન્ય મંડળો અને અન્ય મંડળોએ શિક્ષકદિનની સાથે કે અલગ અલગ સાંસ્કૃતિક, મનોરંજન કાર્યક્રમ યોજવા અને તેની આવક શિક્ષક કલ્યાણ નિધિના ભંડોળમાં જમા કરાવવી. આવી આવકને મનોરંજન કરમાંથી મુકિત અપાવવી.

૫. જિલ્લાના ઔદ્યોગિક સંકુલ ઉદ્યોગપતિઓને 'શિક્ષક દિન' નિમિત્તે ઉદારતાથી ફાળો આપવા અપીલ કરવી. આ દાન આવક વેરામાંથી મુક્તિ માટે જણાવી શકાય.

૬. જિલ્લાના સારા અને શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનીત કરવાનો કાર્યક્રમ રાખી શકાય અને શાળાઓ તેમના સારા કાર્યની ચર્ચા-પરિચય કરી શકાય.

શિક્ષકદિનના ફાળા અંગે માન. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીના તા.૨૮-૦૮-૨૦૧૯માં આપેલ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

૧. એકત્ર થયેલ શિક્ષક દિનનો ફાળો નીચે જણાવેલ બેંક ખાતામાં જમા કરાવવાનો રહેશે.

**શિક્ષક દિનનો ફાળો નીચેની બેંકમાં જમા કરાવવાનો રહેશે.**
**ખાતાનું નામ :- સેક્રેટરી / ટ્રેઝરર, નેશનલ ફાઉન્ડેશન ઓફ ટીચર્સ વેલ્ફેર**
**બેંકનું નામ : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, મેઈન બ્રાન્ચ, સચિવાલય,ગાંધીનગર**
**ખાતા નં. : ૧૦૩૨૫૦૬૧૩૬૯**

૨. મુખ્ય શિક્ષકશ્રીએ શાળાના કાર્યક્રમોના ફોટાગ્રાફ તથા એકત્રિત થયેલ ફાળાના બેંકની રસીદ તથા અહેવાલ સામેલ કરી અત્રે મુખ્ય ઓફિસએ હેડ કલાર્ક બ્રાન્ચમાં તા.૨૦-૦૯-૨૦૧૯ સુધી મોકલી આપશો.

૩. આ ઉપરાંત ઉપરોકત સંદર્ભિત પત્રની નકલ સામેલ છે જેને અનુલક્ષીને પણ શાળા કક્ષાએ કાર્યક્રમો કરી શકાય

**નોંધઃ- કોઈપણ શાળાએ રોકડમાં ફાળો અત્રેની કચેરીએ મોકલવો નહિં.**

તા.૪-૯-૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંકઃ- પ્રાશિનિ/જ/રા.એવોર્ડ/૨૦૧૯/ ૮૭૬૪-૮૯૦૮

ડૉ.એમ.આઇ.જોષી,
નિયામક

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,
બ્લોક નં-૧૨/૧,ડો. જીવરાજ મહેતા ભવન,
ગુ. રા. ગાંધીનગર,
તા.૨૮/૦૮/૨૦૧૯.

વિષય:- ૫ સપ્ટેમ્બર-૨૦૧૯ "શિક્ષક દિન"ની ઉજવણી કરવા બાબત

સ્નેહીશ્રી,

આપ સુવિદિત છો કે દર વર્ષની ૫મી સપ્ટેમ્બર " શિક્ષક દિન" તરીકે ઉજવાય છે. તે રીતે ચાલુ વર્ષે પણ ૫મી સપ્ટેમ્બર-૨૦૧૯ ના દિવસને " શિક્ષક દિન" તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવેલ છે. શિક્ષક દિનની ઉજવણી માટે આપના જિલ્લામાં નીચે મુજબ કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.

(૧) સ્થાનિક ઊજવણી સમિતી :- શિક્ષક દિનની ઉજવણી કરવા માટે જિલ્લાની એક સ્થાનિક સમિતીની રચના કરવાની છે.આ સ્થાનિક સમિતીમાં નીચે મુજબનાં સભ્યોનો સમાવેશ કરવા સૂચવવામાં આવે છે.

(૨) શિક્ષક દિનની ઉજવણી માટે જીલ્લા કક્ષાએ નીચે મુજબ સ્થાનિક ઊજવણી સમિતીની રચના કરવાની થાય છે.

- આ સમિતિનાં અધ્યક્ષ તરીકે જિલ્લા કલેકટરશ્રી રહેશે.
- આ સમિતિનાં સભ્ય સચિવ તરીકે જીલ્લા શિક્ષણાધિકારીશ્રી રહેશે.
- આ સમિતિમાં નીચેના પૈકીના સ્થાનિક અધિકારીશ્રીઓ અને પદાધિકારીશ્રીઓનો સમાવેશ કરવો.

1. પ્રાચાર્યશ્રી, જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
2. જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
3. જીલ્લા નિરંતર શિક્ષણાધિકારીશ્રી
4. સ્કૂલ બોર્ડના શાસનાધીકારીશ્રી
5. માન. સંસદ સદસ્યશ્રીઓ
6. માન. ધારાસભ્યશ્રીઓ
7. પ્રાથમિક શિક્ષક સંઘ/માધ્યમિક શિક્ષક સંઘ/ઉચ્ચ માધ્યમિક/આચાર્ય સંઘના પ્રતિનિધિઓ.
8. સ્થાનિક સરકારી/બિન સરકારી કોલેજોના આચાર્યશ્રીઓ
9. યુનિવર્સીટીના પ્રતિનિધિઓ
10. માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક શાળાના પ્રગતિશીલ આચાર્યશ્રીઓ
11. કેન્દ્રીય વિધાલયના આચાર્યશ્રીઓ
12. માન.મેયરશ્રી/પ્રમુખશ્રી,નગરપાલિકા
13. ચેમ્બર ઓફ કોમર્સ /રોટરી કલબ/લાયન્સ કલબ જેવી સ્વૈચ્છિક સંસ્થાઓ તથા મહિલા મંડળના પ્રતિનિધિઓ અને
14. જીલ્લા કલેકટરશ્રી અન્ય જે નામો સુચવે તેઓ.



Scanned by CamScanner

(૩) ઉપર દર્શાવ્યા પ્રમાણેની રચના કરી, શિક્ષક દિનની ઉજવણી કરવા સંબંધે સમિતિની બેઠક બોલાવવાની વ્યવસ્થા કરશો અને આપના જીલ્લાની ભૌગોલિક, ઐતિહાસિક અને સાંસ્કૃતિક તથા આર્થિક પરિસ્થિતિ ધ્યાને લઈને આયોજન કરશો.

(૪) શિક્ષક દિનની ઉજવણી દરમ્યાન પ્રત્યેક જિલ્લા દીઠ શિક્ષક દિનની નિમિતે વધુમાંવધુ ફાળો એકત્રિત કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે અને તેને ધ્યાનમાં રાખી વધુમાં વધુ ફાળો એકત્રિત કરવાના કાર્યક્રમનું આયોજન ગોઠવવું.

(૫) આ ફાળો એકત્ર કરવાનું અભિયાન તારીખ ૫ સપ્ટેમ્બર , શિક્ષક દિનથી શરૂ કરીને એક અઠવાડિયા સુધી રાખી શકાય.

(૬) ઉપર દર્શાવેલ અભિયાન દરમ્યાન એકત્ર થયેલ ફાળા ની રકમ નીચેની વિગતે બારોબાર જમા કરાવવાની રહેશે.

| ક્રમ | ફાળો એકત્ર કરનાર સંસ્થાઓ | નિયંત્રણ અધિકારી |
|---|---|---|
| ૧ | નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓ | શાસનાધિકારી,સંબંધિત નગર/મહાનગર શિક્ષણ સમિતી |
| ૨ | જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓ અને ખાનગી પ્રાથમિક શાળાઓ | સંબંધિત તાલુકાનાં તાલુકા વિકાસ અધિકારી અને જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી |
| ૩ | માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ અને ખાનગી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ | જીલ્લા શિક્ષણાધિકારી |
| ૪ | કોલેજો અને યુનિવર્સીટી સંલગ્ન સંસ્થાઓ | જીલ્લા શિક્ષણાધિકારી |
| ૫ | પી.ટી.સી કોલેજો | જીલ્લા શિક્ષણાધિકારી |

એકત્ર થયેલ ફાળાની રકમનો રોજે રોજનો હિસાબ ઉપરોક્ત અધિકારીઓએ રાખવાનો રહેશે અને ફાળો એકત્ર કરવાનું અઠવાડિયું પૂરૂ થાય તુરંત જ નીચે જણાવેલ બેંકમાં અને જણાવેલ ખાતામાં સંબંધિત અધિકારીઓએ બારોબાર જમા કરાવવાની કાર્યવાહી કરવાની રહેશે.

શિક્ષકદિનનો ફાળો નીચેની બેંકમાં જમા કરાવવાનો રહેશે:-
ખાતાનું નામ:સેક્રેટરી/ટ્રેઝરર, નેશનલ ફાઉન્ડેશન ઓફ ટીચર્સ વેલ્ફેર ,
બેંકનું નામ :- સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા,મેઈન બ્રાન્ચ, સચિવાલય,ગાંધીનગર.
ખાતા નં.10325061369

આપના તરફથી એકત્ર થયેલ ફાળો રોકડેથી કે ડીમાન્ડ ડ્રાફ્ટ કે ચેકથી આ કચેરીને મોકલવાનો નથી. તેની ખાસ કાળજી લેવી અને ઉપરોક્ત જણાવેલ સ્ટેટ બેન્કના ખાતામાં જમા કરાવવાનો રહેશે.



Scanned by CamScanner

દરેક શાળામાં શાળાના શિક્ષકોનું વિદ્યાર્થીઓ દ્વારા પૂજન થાય તેવી વ્યવસ્થા વિચારી શકાય. શાળામાં મારા પ્રિય શિક્ષક વિષય પર તે દિવસે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન થાય, તેવું આયોજન વિચારી શકાય.

૧. જાહેરાતઃ- વર્ણનાત્મક પોસ્ટરો સિનેમા સ્લાઇડો અને વર્તમાન પત્રોમાં જાહેરાત કરવાની ગોઠવણી કરવી.

૨. સભાઓઃ- શિક્ષણ સંસ્થાની સમિતિની વિવિધ સંસ્થાઓ સાથે મળીને શિક્ષકોના લાભાર્થે સભાઓ,મેળાવડાઓ યોજવા, શિક્ષક આવતી પેઢીનું ઘડતર કરવાના ચાવીરૂપ અગત્યનુ સ્થાન ધરાવે છે. તે હેતુસર વક્તૃત્વ સ્પર્ધા, લેખિત નિબંધ હરિફાઇ યોજવી. આ અંગેના લેખ અગત્યના સામયિકોના સપ્ટેમ્બર-૨૦૧૯ ના અંકમાં પ્રસિધ્ધ કરવા.

૩ શિક્ષકોના ચિત્રો બતાવવાઃ- સિનેમાગૃહો, શૈક્ષણિક સામાજીક સંસ્થાઓ મારફતે શિક્ષકોની મહત્વની કામગીરી વાળા ચલચિત્રો પ્રદર્શિત કરવા. આવા ચિત્રો સેન્ટ્રલ લાયબ્રેરી, ન્યુ દિલ્હી અથવા રાજ્ય ફિલ્મ લાયબ્રેરી માંથી ઉપલબ્ધ થઇ શકશે. તે માટે માહિતિ ખાતા દ્વારા કાર્યવાહી કરવી.

૪ સાંસ્કૃતિક અને વિવિધ કાર્યક્રમોઃ- સાંસ્કૃતિક સંસ્થાઓ માન્ય મંડળો અને અન્ય મંડળોએ શિક્ષકદિનની સાથે કે અલગ અલગ સાંસ્કૃતિક, મનોરંજન કાર્યક્રમ યોજવા અને તેની આવક શિક્ષક કલ્યાણ નિધિના ભંડોળમાં જમા કરાવવી. આવી આવકને મનોરંજન કરમાંથી મુક્તિ અપાવવી.

૫ જિલ્લાના ઔદ્યોગિક સંકુલ ઉદ્યોગપતિઓને "શિક્ષકદિન" નિમિત્તે ઉદારતાથી ફાળો આપવા અપીલ કરવી.આ દાન આવક વેરામાંથી મુક્તિ માટે જણાવી શકાય.

૬ જિલ્લાના સારા અને શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનીત કરવાનો કાર્યક્રમ જિલ્લાની/સંસ્થાઓમાં રાખી શકાય અને શાળાઓ તેમના સારા કાર્યની ચર્ચા-પરિચય કરી શકાય.

૭. ફાળો એકત્ર કરવાની જરૂરી વ્યવસ્થા દરેક જિલ્લા શિક્ષણાધિકારી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને શાસનાધિકારીશ્રીએ કરવાની રહેશે.

૮. શિક્ષક દિનની ઉજવણીનો અહેવાલ આ કચેરીને ડૉ એસ.પી. ચૌધરી , નાયબ નિયામકશ્રીના નામ જોગ તા.૨૬/૯/૨૦૧૯ સુધીમાં મોકલી આપવો. આપના જિલ્લાના કાર્યક્રમોના ફોટોગ્રાફ તથા એકત્રીત થયેલ ફાળાની વિગતો પણ અહેવાલમાં સામેલ કરવી.

૯. તારીખ ૫ મી સપ્ટેમ્બરનાં રોજ શિક્ષક દિન નિમિત્તે તાલુકા અને જિલ્લા કક્ષાએ જે શિક્ષકોને પારિતોષિક આપવા માટે પસંદગી કરવામાં આવેલ છે તેવા શિક્ષકોને પણ પારિતોષિક આપવા અંગેનો કાર્યક્રમ હાથ ધરવા જણાવવામાં આવે છે.

નોંધઃ કોઇપણ સંસ્થાએ રોકડમાં ફાળો અત્રેની કચેરીને મોકલવો નહિ.

આપનો સ્નેહાધિન

(ડો.એમ.આઇ.જોષી)
નિયામક
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ગુ. રા. ગાંધીનગર.



Scanned by CamScanner

પ્રતિ,

(૧) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, સેકટર-૧૨, ગાંધીનગર.

(૨) જિલ્લા શિક્ષણાધિકારશીશ્રીજિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ આપના જિલ્લાની આવેલ બિન સરકારી/સરકારી શાળાઓ કચેરીઓને પણ આ પરિપત્રની જાણ કરી તેઓને પણ આ કામગીરીમાં ભાગીદાર બનાવશો.

(૩) પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.

(૪) જિલ્લા નિરંતર શિક્ષણાધિકારીશ્રી, તમામ.

(૫) શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, તમામ.

(૬) વર્ગ-૧ અને વર્ગ-૨ ના તમામ અધિકારીશ્રીઓ, સદર કચેરી.

નકલ સવિનય જાણ સારૂ:-

૧.અંગત સચિવશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧ ,નવા સચિવાલય, ગાંધીનગર.



Scanned by CamScanner